# MSUમાં નવી શિક્ષણ નીતિના માળખાને આખરી ઓપ અપાયો

વડોદરા : એમ.એસ.યુનિ.માં વાઇસ ચાન્સેલરના નેતૃત્વમાં મળેલી ફેકલ્ટી ડીન્સની બેઠકમાં નવી શિક્ષણ નીતિના માળખાને આખરી ઓપ અપાયો હતો.

શહેરની એમ.એસ.યુનિ.ની હેડ ઓફિસ ખાતે ગઇકાલે વાઇસ ચાન્સેલર પ્રો. ડો. વિજયકુમાર શ્રીવાસ્તવના નેતૃત્વમાં ફેકલ્ટી ડીન્સની બેઠક મળી હતી. યુનિ.માં નવા શૈક્ષણિક વર્ષની દરેક ફેકલ્ટીઓમાં નવી શિક્ષણ નીતિનો અમલ કરવાના માળખાને આ બેઠકમાં આખરી ઓપ અપાયો હતો. આ પ્રકરણમાં સૂત્રો પાસે જાણવા મળ્યું હતું કે, NEP અંતર્ગત હવે દરેક ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓને દરેક સેમેસ્ટર દીઠ ૨૨ ક્રેડિટ મળશે. ઉદાહરણ તરીકે આઠ પેપર હોય તો ૫૦ % મેજર વિષય, ૨૦ % માઇનોર વિષય, ૧૦ % ઇન્ટરડિસ્પ્લીનરી, ૧૦% સ્કીલ ડેવલોમેન્ટ અને ૧૦ % એબિલિટિ ડેવલોમેન્ટના રહેશે. એક મેજર વિષયના પેપરની ૪ ક્રેડિટ, માઇનોર વિષયના પેપરની ક્રેડિટ ૩, ઇન્ટરડિસ્પ્લીનરી, સ્કીલ ડેવલોમેન્ટ અને એબિલિટિ ડેવલોમેન્ટની બે-બે ક્રેડિટ મળશે. આ ઉપરાંત ૧૦૦થી વધુ ઇન્ટરડિસ્પ્લીનરી વિષયોનું ગ્રુપ બનશે, જેમાંથી વિદ્યાર્થી સંબંધિત વિષયની પસંદગી કરી શકે.